| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૦૮/૧૦/૨૦૦૯ | | |
| દાખલ તારીખ | ૦૮/૧૦/૨૦૦૯ | | |
| ફેસલ તારીખ | ૦૩/૦૨/૨૦૨૨ | | |
| ફેસલ તારીખ | વર્ષ | માસ | દિવસ |
| | ૧૨ | ૦૩ | ૨૬ |

---

**વલસાડ ના મહેરબાન મજુર અદાલત ના પ્રિસાઈડીંગ ઓફીસર સાહેબની કોર્ટમાં, મું.વલસાડ.**

---

**રેફરન્સ (એલ.સી.વી) નં. ૫૭૭/૦૯**
**આંક.૧૯.**

| અનુ નં. | પ્રથમ પક્ષકાર નુ નામ | સરનામુ |
|---|---|---|
| ૧ | બોમ્બે ડાયમંડ કું. પ્રા. લિ. | વિલેજ–આસુરા, વાંસદા રોડ, તા. ધરમપુર, જી. વલસાડ. |
| ૨ | પંજાબ નેશનલ બેંક | મેકર ટાવર 'ઈ', ગ્રાઉન્ડ ફ્લોર, કફ પરેડ, મુંબઈ–૪૦૦૦૦૫. |

**વિરુધ્ધ**

| બિજા પક્ષકાર નુ નામ | સરનામુ |
|---|---|
| શ્રી જયંતિભાઈ વીરજીભાઈ ધાડિયા | મુ.પો. જમાદાર ફળીયા , આસુરા. તા. ધરમપુર. જી. વલસાડ . |

| | |
|---|---|
| પ્રથમ પક્ષકાર નં. ૧ તરફે | જાતે |
| પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે | ગેર હાજર |
| બીજા પક્ષકાર તરફે | યુનીયન પ્રતિનિધી શ્રી આર.સી.પટેલ |

---

**બાબત : ઔદ્યોગિક વિવાદ અધિનીમયન ધારો ૧૯૪૭ હેઠળ રેફરન્સ**

---

**ઠ રા વ**

(૧) આ કામના પક્ષકારો વચ્ચે ઉધ્ભવેલ ઔદ્યોગિક તકરાર અન્વયે શ્રમ આયુકતશ્રી, વલસાડ તરફથી તેઓના હુકમ ક્રમાંક :કે.એચ.એસ.એચ.એમ.સી./૫૭૨૮/એજે/આઈ.ડી.આર./એફ/એફ: ૧૦૦/ ૨૦૦૯, તા.૦૩–૧૦–૨૦૦૯ થી નીચે મુજબની અનુસૂચિ મુજબ ન્યાય નિર્ણય અર્થે અત્રે રીફર કરવામાં આવેલ છે.

**–:: અનુસૂચિ ::–**

''શ્રી જયંતિભાઈ વીરજીભાઈ ધાડિયા ને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુન: સ્થાપિત કરવા કે કેમ? ''

(૨) આ કામના બીજા પક્ષકારને ''અરજદાર'' તરીકે તથા પ્રથમ પક્ષકારને ''સામાવાળા'' તરીકે હવે પછી અનુકૂળતા ખાતર સંબોધવામાં આવેલ છે.

(૩) આ કામનાં અરજદાર ધ્વારા આંક – ૬ થી માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. આ કામના અરજદાર ધ્વારા રજુ માંગણા નિવેદની ટુંકમાં હકીકત એવી છે કે :–

૩.૧. અરજદાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી પ્રકારના કામ ઉપર કાયમી કામદાર તરીકે તા. ૧/૧૨/૨૦૦૨ થી હીરા ઘસવાનો તરીકે માસીક રુપિયા ૩૦૦૦/– નાં પગારથી પોતાની ફરજ ખંત અને વફાદારીથી બજાવતા આવેલ છે. અરજદાર કામદાર સામાવાળા સંસ્થામાં કોઈપણ જાતનો વાંક ગુન્હો કરેલ નથી કે તેઓને કોઈપણ ગુન્હા સંબંધી નોટીસ, ચાર્જશીટ કે તેમના વિરુધ્ધ ખાતાકીય તપાસ વગર અરજદાર ને તા.૩૦–૧૧–૨૦૦૮ નાં રોજથી પોતાના મનસ્વીપણે મૌખીક હુકમથી છુટા કરેલ છે.

૩.૨.વધુમાં અરજદાર તેમના માંગણા નિવેદનમાં જણાવે છે કે, અરજદાર કામદાર કાયમી કામદાર હતા તેમજ જેટલા દિવસ કંપની ચાલુ હોય તે દરેક દિવસે તેઓ નોકરી પર હાજર રહેતા હતા તેમજ દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધારે દિવસો કામ કરેલ છે તેમ છતાં તેઓને નોકરીમાંથી છુટા કરતા પહેલા બચાવની કોઈ વ્યાજબી તક, સ્ટેન્ડીંગ ઓર્ડર્સ અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસાર આપવામાં આવેલ નથી. તેઓને કોઈ ચાર્જશીટ કે તેમની વિરુધ્ધ કોઈ બનાવ સંબંધમાં ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. તેથી તેવું સામાવાળાનું પગલું કાયદાની ભાષામાં રીટ્રેચમેન્ટ ગણાતું હોય અને તે રીતે નોકરીમાંથી છુટા કરતી વખતે કોઈ નોટીસ કે નોટીસ પગાર અને છટણી વળતર આઈ.ડી.એકટની કલમ ૨૫(એફ) ની જોગવાઈ પ્ર માણે આપવામાં આવેલ નથી. તેથી તેવું ટર્મીનેશન કાયદામાં ગેરકાયદેસર અને નલ એન્ડ વોઈડ ઠરે છે.

૩.૩.જેથી અરજદારને તા.૩૦/૧૧/૨૦૦૮ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવાનું સામાવાળાનું પગલું ગેરકાયદેસર ઠરાવી સળંગ નોકરીએ ગણી પાછલા પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા લાભો સાથે નોકરીમાં પુનઃસ્થાપિત થવા દાદ માંગેલ છે.

(૪) સદર કામના સામાવાળા નં. ૧ સંસ્થાને નોટીસ કાઢવામાં આવતા તે નોટીસ તેઓને બજી ગયેલ છે અને સામાવાળા ના ઓ હાજર રહેતા ન હોઈ સામાવાળા ના ઓ નો જવાબ રજુ કરવા નો હકક બંધ કરવા માં આવેલો છે.

(૫) પક્ષકારોએ પોત પોતાના પક્ષ સાબીત કરવા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે: અરજદાર તરફ થી મૌખિક પુરાવા માં આંક. ૧૫ થી અરજદારે પોતાની સરતપાસ નુ સોગંદનામુ રજુ કરેલ છે. તે સિવાય અરજદાર તરફ થી બીજા કોઈ મૌખિક કે લેખીત પુરાવા રજુ કરવા માં આવેલા નથી.

સામાવાળા પક્ષે તરફ થી કોઈ મૌખિક કે લેખીત પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ કામના અરજદાર ધ્વારા વિશેષ કોઈ પુરાવો રજુ ન કરવા મતલબે કલોઝીંગ પુરશીશ આપી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે. જયારે સામાવાળા ઓ પુરાવો રજુ કરવા નો હકક બંધ કરવા માં આવેલો છે.

(૬) ત્યારબાદ અરજદારે પંજાબ નેશનલ બેંકને પક્ષકાર તરીકે જોડવાની અરજી રજુ કરેલ અને તે અન્વયે સબંધીત સુચિત પક્ષકાર નોટીસ કરવામાં આવતા તે નોટીસ સુચિત પક્ષકારને બજી ગયેલ હોવા છતાં હાજર રહી કોઈ જવાબ રજુ કરેલ ન હોય અદાલત ધ્વારા તેઓનો વાંધા–જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. અને તેમને સામાવાળા નં. ૨ તરીકે જોડવા હુકમ કરી તેની નોટીસ સામાવાળા નં. ૨ ને કરવામાં આવેલ. આ નોટીસ પણ સામાવાળા નં. ૨ ને બજી ગયેલ હોવા છતાં તેઓ તરફથી કોઈ જવાબ રજુ કરવામાં ન આવતાં તેમનો જવાબ રજુ કરવાનો હકક પણ બંધ કરવામાં આવેલ છે.

(૭) સમગ્ર કેસનું રેકર્ડ તથા પક્ષકારો તરફેની રજુઆતો / દલીલ ધ્યાને લીધા. આ કેસનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

**<u>મુદ્દા નં. ૧ :</u>** શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ પડેલા દિવસોનાં પગાર સહીત નોકરી માં પુન: સ્થાપિત થવા હકકદાર થાય છે?

**<u>મુદ્દા નં.૨ :</u>** શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓનો જવાબ નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં. ૧ :</u>** અંશત: હકારમાં.

**<u>મુદ્દા નં. ૨ :</u>** આખરી હુકમ મુજબ.

ઉપરોકત જવાબો અંગેનાં મારા કારણો નીચે મુજબ છે.

**<u>– : કારણો :–</u>**

**<u>(૮) મુદ્દા નં. ૧ તથા ૨ :–</u>**

(૮.૧) આ કામના સામાવાળા નાએ અરજદારના માંગણા નિવેદન વિરૂધ્ધ પોતાનો જવાબ થી રજુ કરેલ છે. પરંતુ અરજદારના સોગંદપરની જુબાનીમાં જણાવેલ હકીકતને પડકારેલ નથી કે તે વિરૂધ્ધનુ કોઈ પુરાવો રજુ કરેલ જેથી જ્યારે સામાવાળા આગળ આવી પોતાનો કોઈ બચાવ કે રજુઆત કરેલ નથી તેમની સામે વિરૂધ્ધનું અનુમાન થવા પાત્ર છે. આ કામના અરજદારે રેફરન્સ અને માંગણા નિવેદનની હકીકતો સાબિત કરવા માટે તેમની સોગંદ ઉપરની પુરવા એફીડેવીટ સ્વરૂપે રજુ કરેલ છે. આ સોગંદ ઉપરના પુરાવા એફીડેવીટમાં અરજદાર કામદારે માંગણા નિવેદનની હકીકતોનો પુનરોચ્ચાર કરેલો છે. સામાવાળાઓ તરફથી આ મૌખિક પુરાવાને પડકારવામાં આવેલ નથી તેથી આ પુરાવાને નહીં માનવાને કોઈ જ કારણ નથી. સામાવાળાઓ તરફથી અરજદાર ના પુરાવાનું કોઈ ખંડન થયેલ નથી. અરજદારે પોતાના સોગંદનામામાં જણાવેલ હકીકતો સામાવાળા દ્વારા પડકારવામાં આવેલ ન હોય નહિં માનવાને કોઈ કારણ રહેતું નથી. તેથી કંપનીનું કામદારને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર અને અન્યાયી ગણાય.

(૮.૨) અરજદાર કામદાર તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવા હકકદાર હોવાનું ઠરાવી શકાય પરંતુ આ કામના સામાવાળા નં. ૧ સંસ્થા બંધ થઈ ગયેલ હોવાનું રેકર્ડ વંચાણે લતા જણાઈ આવતું હોય અરજદારને તેમની નોકરીની જગ્યાએ પુન:સ્થાપિત કરવાનો કોઈ પ્રશન જ રહેતો નથી. જેથી તેવે સમયે અરજદારને ઉચ્ચક વળતરની રકમ ચુકવવા હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આ કામના સામાવાળા નં. ૨ વિરૂધ્ધ અરજદાર ધ્વારા પોતાના માંગણા નિવેદનમાં કોઈ દાદ માંગવામાં આવેલ નથી.

(૮.૩) અરજદારને ઉચ્ચક વળતરની રકમ બાબતે ચર્ચા કરવામાં આવે તો, અરજદારે તેમની સોગંદનામાં સ્વરૂપની જુબાનીમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે સામાવાળાએ અરજદારને નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજે અનેક સ્થળોએ કામ મેળવવા પ્રયત્ન કરેલ છતાં મળેલ નથી, કામના અભાવે કામદાર તથા તેમના કુટુંબીજનોને ભારે આર્થીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહેલ છે. અરજદાર જયારે એવી હકીકત આગળ લઈ આવેલ હોય કે તેઓને સામાવાળાએ છુટા કર્યાબાદથી આજદિન સુધી બેકાર છે તો તે હકીકત પુરવાર કરવાની જવાબદારી અરજદાર ઉપર છે. જોકે તેના વિરૂધ્ધની હકીકત રેકર્ડ પર આવેલ નથી, પરંતુ દરેક પક્ષકારે પોતાનો કેસ પોતાના પુરાવા આધારે સાબીત કરવાનો રહે છે તેઓ અરજદારે કરેલ ખામી/ક્ષતી ઉપર આધાર રાખી પોતાનો કેસ સાબીત કરી શકે નહિં તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે. અરજદાર વચગાળાનાં સમય દરમ્યાન બેકાર રહયા હોવાની હકીકત તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે પરંતુ તે બતાવવા કોઈ સંતોષજનક પુરાવો રજુ કરેલ નથી, ફકત મૌખિક રજુઆત જ કરેલ છે. આ તબકકે નીચે મુજબના ચુકાદાઓ લક્ષમાં લેવા ઉચિત ગણાશે.

(૮.૪) ના.સુકો.ના ‘Deepali Gundu Surwase Vs. Kranti Junior Adhyapak & Ors Civil Appeal No : 6767 of 2013 ના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે
i) In cases of wrongful termination of service, reinstatement with continuity of service and backwages is the normal rule.
ii) The aforesaid rule is subject to the rider that while deciding the issue of back wages, the adjudicating authority or the Court may take into consideration the length of service of the employee/workman, the nature of misconduct, if any, found proved against the employee/workman, the financial condition of the employer and similar other factors.
iii) Ordinarily, an employee or workman whose services are terminated and who is desirous of getting back wages is required to either plead or at least make a statement before the adjudicating authority or the Court of first instance that he/she was not gainfully employed or was employed on lesser wages. If the employer wants to avoid payment of full back wages, then it has to plead and also lead cogent evidence to prove that the employee/workman was gainfully employed and was getting wages equal to the wages he/she was drawing prior to the termination of service. This is so because it is settled law that the burden of proof of the existence of a particular fact lies on the person who makes a positive averments about its existence. It is always easier to prove a positive fact than to prove a negative fact. Therefore, once the employee shows that he was not employed, the onus lies on the employer to specifically plead and prove that the employee was gainfully employed and was getting the same or substantially similar emoluments.
It has been further held that ;
vi) In a number of cases, the superior Courts have interfered with the award of the primary adjudicatory authority on the premise that finalization of litigation has taken long time ignoring that in majority of

cases the parties are not responsible for such delays. Lack of infrastructure and manpower is the principal cause for delay in the disposal of cases. For this the litigants cannot be blamed or penalised. It would amount to grave injustice to an employee or workman if he is denied back wages simply because there is long lapse of time between the termination of his service and finality given to the order of reinstatement. The Courts should bear in mind that in most of these cases, the employer is in an advantageous position vis-à-vis the employee or workman. He can avail the services of best legal brain for prolonging the agony of the sufferer, i.e., the employee or workman, who can ill afford the luxury of spending money on a lawyer with certain amount of fame. Therefore, in such cases it would be prudent to adopt the course suggested in Hindustan Tin Works Private Limited v. Employees of Hindustan Tin Works Private Limited (supra).

(૮.૫) ઉપરોકત રજુ ચુકાદાઓ તથા તેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિંધ્ધાંતોને લક્ષમાં રાખતા, બીજા પક્ષકાર બેકાર રહેલ છે અને કોઈ આવક મેળવેલ નથી તે હકીકત પુરવાર કરવાની જવાબદારી સામાન્ય રીતે બીજા પક્ષકાર પર રહેલ છે પરંતુ જયારે બીજાપક્ષકારે સોગંદ ઉપર પોતે બેકાર રહેલ છે કોઈ આવક મેળવેલ નથી તેમ જણાવેલ છે અને તે હકીકત ને સામાવાળા ઘ્વારા પડકારવા માં આવેલ નથી. જેથી અરજદાર ''ગેઈનફુલી એમ્પ્લોઈડ'' છે તે હકીકત સાબીત કરવાનો બોજો સામાવાળા ઉપર આવે. પરંતુ સામાવાળા ઘ્વારા અવો કોઈ પુરાવો આવતો નથી.

(૮.૬) ઉપરોકત રજુ ચુકાદાઓ તથા તેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિંધ્ધાંતોને લક્ષમાં રાખતા, બેક વેજીસ નો નિર્ણય દરેક કેસની હકીકતો અને સંજોગોને તથા અનેક ફેકટર્સને લક્ષમાં રાખી નકકી કરવાનું હોય છે તેવું ઠરાવવામાં આવેલ છે. આ કામના અરજદાર સામાવાળા નં. ૧ સંસ્થામાં તા. ૧/૧૨/૨૦૦૨ થી હીરા ઘસવાનો તરીકે માસીક રુપિયા ૩૦૦૦/– ના પગારથી કામ કરતા હોવાની તથા સામાવાળા નં. ૧ નાએ અરજદારને તા:૩૦/૧૧/૨૦૦૮ ના રોજના મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલ હોવાનું રેકર્ડ વંચાણે લેતા જણાઈ આવે છે. અરજદાર સામાવાળા નં. ૧ – સંસ્થામાં આશરે ૬ વર્ષ જેટલા સમય માટે કામ કરેલ છે. જેથી અરજદારને તા:૩૦/૧૧/૨૦૦૮ થી કામ તથા પગાર તથા આનુશાંગિક લાભોથી વંચીત રાખવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. આ કામના અરજદાર કામદાર હીરા ઘસુ તરીકે સામાવાળ નં.૧ સંસ્થામાં કામ કરતા હતા. હીરા ઘસવાનું કામ એ એક 'સેમી સ્કીલ્ડ' પ્રકારનું કામ છે અને આવા પ્રકારનો અન્ય કામ પુરતા પ્રયાસ કરવાથી મળી શકે તેવી સંભાવના છે. વિશેષમાં આ કામના કામદારને છુટા કરવામાં આવેલ તે દિવસથી આજ દિન સુધી કોઈ પણ પ્રકારની આવક મેળવવા અસમર્થ હતા તે હકીકત સંભવિત રીતે માની શકાય નહિં. કોઈ પણ કામદાર સતત વર્ષો સુધી કોઈ પણ કામ કે આવક મેળવ્યા વગર પોતાનું તથા પોતાના પરિવારનું જીવન નિર્વાહ કરતો હોવાનું પણ માની શકાય નહિં. હાલમાં પણ કામદાર વગર કોઈ કામકાજે પોતાનું જીવન નિર્વાહ કરતા હોવાનું પણ માની શકાય નહિં. જેથી અરજદાર કામદાર પોતાના તથા પરિવારના ગુજરાન માટે કોઈપણ પ્રકારની આવક મેળવતા હોવાનું માનવાને કારણ રહે છે.

તેવી જ રીતે એ વાત પણ સ્પષ્ટ છે કે જયારે કોઈ કામદારને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવે ત્યારે કામદારને ના કે ફકત પોતાના આર્થીક ઉપાર્જન આધારીત પોતાના અસ્તિત્વ માટે લડવાનું હોય છે પરંતુ પોતાને કામ પર પુન:સ્થાપિત કરવાની લડત પણ લડવાની હોય છે.

(૮.૭) ઉપરની સમગ્ર હકીકત, અરજદારની ઉમર, તેમણે સંસ્થામાં કરેલ કામનો સમયગાળો તથા પ્રકાર, બજારમાં આવાજ પ્રકારના કામની ઉપલબ્ધતા, અરજી ચાલી નિર્ણિત થતા થયેલ સમય, વિગેરે હકીકતો લક્ષમાં લેતા તથા સામાવાળા નં.૧ સંસ્થા સને. ૨૦૧૫ માં પ્ર.પ. નં.૧ ઘ્વારા કબજો લઈ લીધેલ હોય ત્યાર થી બંધ થઈ ગયેલ હોવાની હકીકતને લક્ષમાં રાખતા અરજદારને રૂા.૭૫,૦૦૦/– રૂપીયા પંચોતેર હજાર પુરા વળતર પટે ચુકવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે.

(૮.૮) ઉપરોકત હકીકત અને સંજોગો ઘ્યાને લેતાં મુદા નં. ૧ નો નિર્ણય અંશત: હકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

(૧) અરજદારનો રેફરન્સ અંશત: મંજુર કરવામાં આવે છે.
(૨) આ હુકમ પ્રસિધ્ધ થયેથી દિન – ૩૦ માં સામાવાળા નં. ૧ નાએ અરજદારને રૂા, ૭૫,૦૦૦/– (રૂપીયા પંચોતેર હજાર પુરા ) ઉચ્ચક વળતર પેટે ચુકવી આપવા હુકમ ફરમાવવામાં આવે છે.
(૩) આ કામ સામાવાળા નં. ૧ નાએ અરજદારને ખર્ચના રૂા. ૫૦૦૦/– (પાંચ હજાર પુરા) અલગથી ચુકવી આપવા.

સ્થળ : વલસાડ
તા. ૦૩/૦૨/૨૦૨૨

**( અંકુરકુમાર રાકેશચંદ્ર સોની)**
પ્રિસાઈડીંગ ઓફીસર ,
લેબર કોર્ટ, વલસાડ.
કોડ નં.જી.જે.૦૧૨૫૬